# Visit of External Affairs Minister to Maldives and Sri Lanka (January 18-20, 2023)

January 17, 2023

# વિદેશ મંત્રીની માલદીવ અને શ્રીલંકા ખાતે મુલાકાત (જાન્યુઆરી 18-20, 2023)

17 જાન્યુઆરી, 2023

18-20 જાન્યુઆરી 2023 દરમિયાન વિદેશ મંત્રી (EAM) ડૉ. એસ. જયશંકર માલદીવ અને શ્રીલંકાની સત્તાવાર મુલાકાત લેશે.

2. વિદેશ મંત્રી EAM તેમની માલદીવ મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ઈબ્રાહિમ મોહમ્મદ સોલિહને મળશે અને વિદેશ મંત્રી શ્રી અબ્દુલ્લા શાહિદ સાથે ચર્ચા કરશે. વિદેશ મંત્રી EAM ની લાકાતમાં દ્વિપક્ષીય વિકાસ સહયોગ, ગ્રાઉન્ડ બ્રેકિંગ/ઉદઘાટન/સોંપણી અને માલદીવના સામાજિક-આર્થિક વિકાસમાં યોગદાન આપનાર અનેક મહત્વનાં ભારત-સમર્થક પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને સંબંધિત કરારો પર હસ્તાક્ષર કરશે.

3. વિદેશ મંત્રી EAM ની શ્રીલંકાની ખાતે મુલાકાત જાન્યુઆરી 2021 અને માર્ચ 2022 માં શ્રીલંકામાં થયેલી તેમની અગાઉની મુલાકાતોને અનુસરશે. શ્રીલંકા ભારતનો ગાઢ પાડોશી દેશમિત્ર છે અને ભારત દરેક સમયે શ્રીલંકાના લોકો સાથે ઊભું રહ્યું છે. મુલાકાત દરમિયાન વિદેશમંત્રી EAM, શ્રીલંકાનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી રાનિલ વિક્રમસિંઘે અને પ્રધાનમંત્રી શ્રી દિનેશ ગુણવર્ધને સાથે મુલાકાત કરશે અને વિદેશ મંત્રી શ્રી MUM અલી સાબરી સાથે ભારત-શ્રીલંકાને દરેક ક્ષેત્રોમાં મજબૂત કરવા સહકાર અને પગલાઓ અંગે ચર્ચા કરશે.

4. માલદીવ અને શ્રીલંકા બંને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતના મુખ્ય દરિયાઈ પડોશી દેશો છે અને વડાપ્રધાનના SAGAR ( પ્રદેશમાં તમામ માટે સુરક્ષા અને વિકાસ) અને 'નેબરહુડ ફર્સ્ટ'ની દૂરદ્રષ્ટિને વિશેષ સ્થાન ધરાવે છે. વિદેશ મંત્રી EAMની મુલાકાત ભારત માલદીવ અને શ્રીલંકા સાથેના ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધોને મહત્વ આપે છે તેની સાક્ષી છે.

**નવી દિલ્હી**
**17 જાન્યુઆરી, 2023**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.